પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૫૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૨-૦૬-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએન હેડક્વાર્ટરમાં ૧૮૦ દેશના પ્રતિનિધિઓ સાથે યોગ કર્યા



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પીએમ મોદી આજે સંયુક્ત રાષ્ટ્રમાં ૧૮૦ દેશોના લોકો સાથે યોગ કર્યા હતાં ન્યુયોર્કમાં યુનાઈટેડ નેશન્સ હેડક્વાર્ટરના લૉનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે યોગ કરવા માટે ઘણા દેશોના લોકો લાઈનમાં ઉભા રહ્યાં હતાં અને ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા હતાં ભારતીય સમુદાયના લોકોએ કહ્યું કે પીએમ મોદી ન્યૂયોર્ક આવ્યા છે, આ યોગ ડે અમારા માટે ખૂબ જ ખાસ છે દુનિયાભરમાં યોગને લઈ જાગૃતિ ફેલાવવાના હેતુથી દર વર્ષે ૨૧ જુનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવે છે. આ વર્ષની થીમ વસુધૈવ કુટુંબકમ રાખવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય સ્તર પર યોગ દિવસ મનાવવાની શરૂઆત વર્ષ ૨૦૧૫થી કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ન્યુયોર્ક સ્થિત યુએનના હેડકવાર્ટર પહોંચ્યા હતાં આ પ્રસંગે જાણિતા અભિનેતા રિચર્ડ ગેર પણ પહોંચ્યા હતાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાયેલા યોગ સત્રમાં ભાગ લીધો હતો.ગ્રેમી પુરસ્કાર વિજેતા રિકી કેઝે કહ્યું હતું કે હું અહી આવી ખુબ ખુશ છું હજારો લોકો અહીં આવ્યા હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે યોગ દિવસ કાર્યક્રમમાં સામેલ થવા માટે તમામ દેશોનો આભાર વ્યકત કર્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએન મુખ્ય મથકના લોનમાં મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી યોગ દિવસ નિમિત્તે પોતાના સંદેશમાં યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટારેસે કહ્યું કે યોગ એક કરે છે. "તે શરીર અને મન, માનવતા અને પ્રકૃતિ અને વિશ્વભરના લાખો લોકોને એક કરે છે, જેમના માટે તે શક્તિ, સંવાદિતા અને શાંતિનો સ્ત્રોત છે,

વડાપ્રધાન મોદીએ અમેરિકાના ન્યુયોર્કથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર વીડીયો સંદેશ જારી કરીને રાષ્ટ્રને સંબોધન કર્યું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે યોગ એક વિચાર હતો, જેને આજે આખી દુનિયાએ અપનાવ્યો છે. આજે યોગ એ વૈશ્વિક ભાવના બની ગઈ છે. યોગ હંમેશા જોડવાનું કામ કરે છે. આ પ્રવાસ ભારતના દૃષ્ટિકોણથી ઘણી બાબતોમાં ખાસ સાબિત થવાનો છે. આ દરમિયાન એક મહત્વપૂર્ણ સંરક્ષણ સોદો પણ થવા જઈ રહ્યો છે. પીએમ મોદી ન્યુયોર્કમાં ઉતર્યા કે તરત જ ત્યાં હાજર લોકોએ 'મોદી-મોદી'ના નારા લગાવવાનું શરૂ કરી દીધું. પીએમ બુધવારે યુએન હેડકવાર્ટર ખાતે આયોજિત યોગ દિવસના વિશેષ કાર્યક્રમનું નેતૃત્વ કરશે.

પીએમ મોદીએ વીડિયો સંદેશમાં કહ્યું કે આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો કાર્યક્રમ 'ઓશન રિંગ ઓફ યોગ'ના કારણે વધુ ખાસ છે. આ વિચાર યોગ અને સમુદ્રના વિસ્તરણના વિચાર પર આધારિત છે. આપણા ઋષિઓએ યોગની વ્યાખ્યા કરી છે અને કહ્યું છે કે 'યુજ્યતે એનેન ઈતિ યોગ' એટલે કે જે એક કરે છે તે યોગ છે, તેથી યોગનો આ ફેલાવો એ વિચારનું વિસ્તરણ છે કે સમગ્ર વિશ્વ એક પરિવાર તરીકે સમાવિષ્ટ છે.

યોગાને દરેક બાળકના જીવનનો નિત્યક્રમ બનાવવાના તેના હાલના પ્રયાસના ભાગરૂપે નિક્લોડિયન દ્વારા ફરી એક વાર જોડાણના લાગલગાટ ચોથા વર્ષની ખુશીમાં તેની ફ્લેગશિપ કેમ્પેઈન હેઠળ યોગાના અનેક લાભો વિશે યુવાનોને માહિતગાર અને પ્રેરિત કરવા માટે આયુષ મંત્રાલય સાથે ભાગીદારી કરવામાં આવી છે. કેમ્પેઈનના ભાગરૂપે નામાંકિત જોડી મોટુ- પતલુ, મેજિકટૂન રુદ્ર અને શહેરમાં નવીનતમ એલિયન અભિમન્યુ જબલપુરમાં દેશના સૌથી મોટા યોગા કાર્યક્રમ ખાતે સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ ફેલાવતાં જોવા મળ્યા હતા, જ્યાં ભારતના ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખર, મધ્ય પ્રદેશના સન્માનનીય મુખ્ય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ અને અન્ય મહેમાનો પણ આંતરરાષ્ટ્રીય યોગા દિવસ મનાવવા માટે જોડાયા હતા.આજે સમગ્ર વિશ્વમાં ૯મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઊજવવામાં આવી રહ્યો છે. આ અવસર પર કોંગ્રેસે યોગને લોકપ્રિય બનાવવા માટે પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુનો ધન્યવાદ માન્યો. પરંતુ પાર્ટીનાં જ વરિષ્ઠ નેતા શશિ થરૂરે યોગને લોકપ્રિય બનાવવાનો શ્રેય ભાજપની કેન્દ્ર સરકારને આપ્યો.

કોંગ્રેસ પાર્ટીએ સવારે પૂર્વ પીએમ જવાહરલાલ નહેરનો શિર્ષાશન કરતો ફોટો શેર કર્યો હતો. આ સાથે જ તેમણે લખ્યું કે,'પંડિત નહેરુને ધન્યવાદ કે જેમણે યોગને લોકપ્રિય બનાવ્યું છે અને તેને રાષ્ટ્રીય નીતિનો એક ભાગ બનાવ્યું છે.' આ પોસ્ટને રિટ્વીટ કરતાં શશી થરૂરે લખ્યું કે,' હા જરૂર પરંતુ આપણને એ સૌનો આભાર પણ માનવો જોઈએ કે જેમણે યોગને પુનર્જીવિત કર્યું અને લોકપ્રિય બનાવ્યું, તેમાં આપણી સરકાર, પ્રધાનમંત્રી, વિદેશમંત્રાલય શામેલ છે. તેમણે સંયુક્ત રાષ્ટ્રની મદદથી યોગ દિવસનું આંતરરાષ્ટ્રીયકરણ કર્યું. હું દશકાઓથી કહી રહ્યો છું કે યોગ આપણો સોફ્ટ પાવર છે. તેને (યોગને) માન્યા મળતી જોઈ સારું લાગે છે.'કોંગ્રેસ માટે ચૂંટણી લડી ચૂકેલા શશિ થરૂર સમયાંતરે પાર્ટીને બોધપાઠ આપતાં નજરે પડે છે. થરૂરે હાલમાં જ કહ્યું હતું કે કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં જીત બાદ તેમની પાર્ટી માટે જરૂરી છે કે તે આત્મસંતુષ્ટ ન થાય કારણ કે મતદાતાઓનું વલણ પ્રાદેશિક અને રાષ્ટ્રીય ચૂંટણીઓની વચ્ચે બદલાઈ શકે છે. તેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનું કોંગ્રેસનું નિરાશાજનક પ્રદર્શનનું ઉદાહરણ આપતાં કહ્યું કે તેના થોડા મહિના પહેલા મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને મોટી જીત મળી હતી. લોકસભા સદસ્ય થરૂર કહે છે કે કોંગ્રેસ એવું માનીને ન ચાલી શકે કે જે બાબત પ્રદેશ ચૂંટણીઓમાં કામ કરી ગઈ તે રાષ્ટ્રીય ચૂંટણીઓમાં પણ કામ કરશે.'

## સુરતમાં ૧.૫૦ લાખ લોકોએ એક સાથે યોગા કર્યા યોગા, ગીનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો



૨૧ જૂન એટલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ભારત સહિત સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સુરતે આજે ઈતિહાસ રચ્યો છે. રાજ્યકક્ષાની યોગ દિનની ઉજવણી સુરતમાં કરવામાં આવી હતી. જેમાં ૧.૫૦ લાખથી વધુ લોકોએ એક સાથે એક સ્થળે ઉપસ્થિત રહી યોગાભ્યાસ કરી વિશ્વ વિક્રમ સર્જ્યો છે. સુરતે સૌથી મોટી સંખ્યામાં એક સાથે યોગા કરી ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું.

સુરતમાં રાજ્યકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના વાય જંક્શન ખાતે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ પ્રધાન હર્ષસંઘવીની અધ્યક્ષતામાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના રાજકીય તેમજ સામાજિક આગેવાનો જોડાયા હતા.

શહેરની શાળા કોલેજના વિધાર્થીઓ, શિક્ષકો, શહેરીજનો તેમજ અલગ અલગ વ્યવસાય સાથે જોડાયેલા નાગરિકો અને ગૃહિણીઓ મળી કુલ ૧.૫૦ લાખથી વધુ લોકો યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.સુરતના વાય જંકશનથી લઈને એસવીએનઆઈટી સર્કલ સુધી ૧.૫૦ લાખથી વધુ લોકોએ એકસાથે યોગા કર્યા હતા અને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્તત કર્યું હતું. આ પહેલા ૧.૦૯ લાખ સાથે જયપુરના નામે રેકોર્ડ હતો.

સુરતના મગદલ્લા ભાઈ જંકશનથી એસવીએનઆઈટી સર્કલ અને બ્રેડલાઈનર સર્કલ સુધી ૧૨ કિલોમીટરના રૂટ પર કાર્યક્રમનું આયોજન કરાયું હતું. યોગાભ્યાસમાં ભાગ લેવા માટે ૪૨ શાળાના ૨૦ હજારથી વધુ બાળકો વહેલી સવારથી કાર્યક્રમ સ્થળ પર પહોંચી ગયા હતા. આ ઉપરાંત ગૃહિણીઓ તેમજ અલગ અલગ વ્યવસાય સાથે જોડાયેલા નાગરિકો સહિત શહેરના નાના મોટા દરેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિદેશી મહેમાનો અને દિવ્યાંગ બાળકોએ પણ યોગા કરી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૨૫ બ્લોગ બનાવવામાં આવ્યા હતા જેમાં અલગ અલગ બ્લોગ પર એલઈડી સ્કીન સ્પીકર સહિતની સુવિધા કરવામાં આવી હતી.

## ભગવાન જગન્નાથે આખી રાત મંદિરની બહાર જ વિતાવી, મંગળા આરતી બાદ મંદિરમાં વિરાજમાન થયા


અમદાવાદ,

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રા હર્ષોલ્લાસ પૂર્વક પૂર્ણ થઈ. શહેરમાં હજારો ભક્તોના ઘોડાપુર સાથે હર્ષોલ્લાસ પૂર્વક રથયાત્રાનો પર્વ ઉજવાયો. આ એવી ક્ષણ હોય છે જેનો લ્હાવો લઈને ખરેખર ધન્યતા અનુભવાય. ભગવાનના દર્શન કરવા તો સૌ કોઈ મંદિરમાં જાય પરંતુ જ્યારે ભગવાન દર્શન આપવા બહાર આવે તો પછી ભક્તોમાં હરખ તો કેટલો હોય! ત્યારે નગરચર્યાએ જઈને આવેલા ભગવાન જગન્નાથ આખી રાત મંદિર બહાર જ વિતાવી. આજે ભગવાનને નિજ મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો.

મંગળા આરતી બાદ ભગવાનને મંદિરમાં બિરાજમાન કરાયા. આજે પણ મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. રથ અને ભગવાન જગન્નાથજીના નજીકથી દર્શન કરવાનો આજનો એકમાત્ર દિવસ છે. જેથી વહેલી સવારથી જ ભગવાનના દર્શન કરવા માટે મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો પહોંચ્યા હતા અને ભગવાનના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. પરંતુ સવાલ અહીં એ પણ થાય કે શા માટે ભગવાને મંદિરની બહાર રાતવાસો કરવો પડ્યો? રાતે જ કેમ ગર્ભગૃહમાં સ્થાપિત ન કરાયા?

એવી લોકવાયકા છે કે ભગવાન જગન્નાથજી ભાઈ બળદેવ અને બહેન સુભદ્રાને લઈને અષાઢી બીજના દિવસે નગરચર્યાએ નીકળે છે. પરંતુ પત્ની રુક્મણિને લીધા વગર જ તેઓ નગરચર્યા કરી આવે છે. જેથી રિસાયેલી પત્ની ભગવાનને સજાના ભાગરૂપે મંદિરમાં પ્રવેશ આપતી નથી. જેથી ભગવાને રાતવાસો મંદિરની બહાર જ કરવો પડે છે. રિસામણા મનામણા થયા પછી છેક સવારે જ જગન્નાથજીને મંદિરમાં પ્રવેશ કરવાની અનુમતિ મળે છે. જગન્નાથજી પત્નીને કહે છે કે, 'હું જ્યાં જાઉ ત્યાં તમે મારી સાથે જ છો, તમે મારા હૃદયમાં જ છો આમ કહીને પત્ની રૂકમણિને મનાવી લે છે.' જેથી સવારે વિધિવત રીતે શુભ મુહૂર્તમાં ભગવાનને નિજમંદિરમાં બિરાજમાન કરવામાં આવે છે. વર્ષમાં એકવાર ભગવાન મંદિરની બહાર નીકળે છે. એવી લોકવાયકા છે કે શણગાર કરીને ભક્તોને દર્શન આપવા આવે છે ત્યારે સ્વાભાવિક છે ભક્તોની નજર ભગવાનને લાગી જ ગઈ હોય. કારણ કે આ દિવસે ભગવાનને વિશેષ શણગાર કરવામાં આવે છે. જેથી ભગવાન જ્યારે નિજમંદિરેથી પરત આવે છે ત્યારે સૌથી પહેલા તેમની નજર ઉતારવામાં આવે છે. આજે ભગવાનની નજર ઉતારવામાં આવી અને તે પછી યજમાન દ્વારા મહાઆરતી કરવામાં આવી. આ વિધિ પતાવીને જ ભગવાનને મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન કરવામાં આવ્યાં ત્યારે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ભગવાન જગન્નાથજીની નગરચર્યા બાદ જે ત્રણ રથ છે તેની પણ વિધિવત રીતે પૂજા કરવામાં આવે છે. ત્રણેય રથની અષાઢી સુદ પાંચમના દિવસે પૂજા કરવામાં આવે છે ત્યારબાદ રથની સાફસફાઈ કરીને તેને સ્થાન પર મુકવામાં આવે છે.

## હું તો મોદીનો ફેન છું. : વડાપ્રધાન મોદી સાથે મુલાકાત બાદ બોલ્યા ટ્વિટરના CEO એલન મસ્કે



વોશિંગ્ટન,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના ત્રણ દિવસના રાજકીય પ્રવાસે છે. PMવડાપ્રધાન મોદીને ટ્વિટરના સીઈઓ એલન મસ્ક મળવા ન્યૂયોર્ક પેલેસ હોટલ ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન એલન મસ્કે ભારત આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ આવતા વર્ષે ભારતના પ્રવાસે આવશે.

એલન મસ્કે પોતાને પીએમ મોદીના ફેન ગણાવતા કહ્યું હતું કે, 'હું ભારતના ભવિષ્યને લઈને ખૂબ જ ઉત્સાહિત છું. મને લાગે છે કે વિશ્વના કોઈપણ દેશ કરતાં ભારતમાં વધુ સંભાવનાઓ છે. હું કહી શકું છું કે પીએમ મોદી ભારત માટે યોગ્ય નિર્ણયો લેવા માંગે છે. નવી કંપનીઓ અંગે તેમનો અભિગમ ખૂબ જ ઉદાર છે. તેઓ પોતાના દેશમાં નવી કંપનીઓનું દિલ ખોલીને સ્વાગત કરવા માંગે છે. હું PM મોદીનો ફેન છું. 'પીએમ મોદી સાથેની મુલાકાત અંગે જણાવતા એલન મસ્કે કહ્યું હતું કે, 'આ વાતચીત શાનદાર રહી છે. તે એક અદભૂત વાતચીત હતી. હું આવતા વર્ષે ભારત જવાનું વિચારી રહ્યો છું.' પીએમ મોદી સાથેની મુલાકાત વિશે એલન મસ્કે કહ્યું હતું કે, પીએમ મોદી તેમના દેશની ખૂબ કાળજી રાખે છે. એટલા માટે તેઓ ભારતમાં રોકાણ કરવા માટે ખૂબ જ એક્ટિવ છે. અમે ભારતમાં રોકાણની તકો પણ શોધી રહ્યા છીએ. અમે ફક્ત યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છીએ. હું બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકને ભારત લઈ જવા માંગું છે. તેનાથી ગ્રામીણ વિસ્તારના લોકોને મદદ મળશે, જેમની પાસે ઈન્ટરનેટની પહોંચ નથી. મસ્કે પીએમ મોદીના વખાણ કરતા કહ્યું કે, 'હું ભારતના ભવિષ્યને લઈને ખૂબ જ ઉત્સાહિત છું. પીએમ મોદી તેમના દેશને ખૂબ પ્રેમ અને કાળજી રાખે છે. એટલા માટે તેઓ અમને ભારતમાં રોકાણ કરવા પ્રેરણા આપે છે.'

## ગુજરાતને સત્તાવાર ચોમાસા માટે હજુ રાહ જોવી પડશે

ગાંધીનગર,

ચોમાસાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. આ વચ્ચે ગુજરાતના ખેડૂતો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. સત્તાવાર ચોમાસાના આગમન માટે હજુ રાહ જોવી પડશે. હવામાન વિભાગે લેટેસ્ટ અપડેટ આપતા જણાવ્યું કે, રાજ્યમાં ૫ દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી છે. રાજ્યમાં આગામી પાંચ દિવસમાં કેટલાક સ્થળોએ વરસાદની સંભાવના રહેશે. પરંતુ સત્તાવાર ચોમાસાની સીઝન માટે હજી થોડી રાહ જોવી પડશે. એટલે કે, ગુજરાતમાં વરસાદ તો પડશે, પરંતુ તે વરસાદ ચોમાસાનો નહિ હોય. સત્તાવાર સીઝન માટે હજી ગુજરાતીઓને રાહ જોવી પડશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.મનોરમા મોહંતીએ ચોમાસાની આગાહી અંગે જણાવ્યું કે, રાજ્યમાં આગામી પાંચ દિવસમાં કેટલાક સ્થળોએ વરસાદની સંભાવના રહેશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ડાંગ, તાપી, નર્મદા, છોટાઉદેપુરમાં સામાન્ય વરસાદની સંભાવના છે. તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં બે દિવસ બાદ વરસાદ પડે તેવી શક્યતા છે. તેમણે જણાવ્યું કે, આ જે વરસાદ છે, તે ભેજના કારણે છે. ભેજના કારણે વરસાદ પડવાની શક્યતા રહેલી છે. પરંતુ અમદાવાદમાં ગરમીથી કોઈ રાહત નહિ મળે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે, વરસાદની શક્યતા નહિવત છે. ગુજરાતને સત્તાવાર ચોમાસા માટે હજુ પણ પાંચ દિવસ રાહ જોવી પડશે. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૮ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. આ આગાહી ખેડૂતો માટે મહત્વની છે. કારણ કે, તેઓ વાવાણી માટે રાહ જોઈને બેસ્યા છે. ભારતમાં મોટાભાગની ખેતી ચોમાસા આધારિત હોય છે. તેથી ખેડૂતો ચોમાસા પહેલાથી જ તૈયારીઓ શરૂ કરી દે છે. તેથી ખેડૂતો હવામાન વિભાગની આગાહી પર સતત નજર રાખી રહ્યાં છે.

## વડાપ્રધાન મોદી, અમિત શાહ, બિહારના મુખ્યમંત્રીને જાનથી મારી નાખવાની ધમકી

નવીદિલ્હી,તા.૨૧

વડાપ્રધાન મોદી અમેરિકા પ્રવાસે ત્યારે દિલ્હી પોલીસને વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારને જાનથી મારી નાખવાની ધમકી માટેનો ફોન આવ્યો હતો.આ ફોન આવતા દિલ્હી પોલીસ એક્શનમાં આવી ગઈ છે. પોલીસને પહેલો ફોન બિહારના નીતિશકુમારને મારી નાખવાની ધમકી માટેનો હતો.એ બાદ બીજો ફોન PM મોદી અને ગૃહમંત્રી અમિત શાહ માટેનો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. દિલ્હી પોલીસના આઉટર ડિસ્ટ્રિક્ટ પીસીઆરને ફોન આવ્યો કે પીએમ મોદી, બિહારના સીએમ નિતીશ કુમાર અને દેશના ગૃહમંત્રી અમિત શાહને મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. પીએમ-ગૃહમંત્રી અને બિહારના સીએમને ધમકી મળતા જ દિલ્હી પોલીસે આ મામલે એક ટીમ બનાવી અને મામલાની તપાસ શરૂ કરી. દિલ્હી પોલીસે જણાવ્યું કે આજે સવારે એક વ્યક્તિએ બહારી જિલ્લા પોલીસને પીસીઆર કોલ કર્યો અને બિહારના મુખ્યમંત્રીને મારી નાખવાની ધમકી આપી. થોડા સમય બાદ બીજા કોલમાં પીએમ અને ગૃહમંત્રીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર યુવકની ઓળખ થઈ ગઈ છે, તેનું નામ સંજય વર્મા છે અને તે દિલ્હીના માદીપુર વિસ્તારનો રહેવાસી છે. પરિવારજનોએ જણાવ્યું કે સંજય ગઈ રાતથી દારૂ પી ગયો હતો.દિલ્હી પોલીસ સંજયને શોધી રહી છે.

## જળવાયુ પરિવર્તનના કારણે છેલ્લા દાયકા કરતાં ૬૫% વધુ ઝડપથી હિમાલયના ગ્લેશિયર્સ પીગળી રહ્યો છે



નવીદિલ્હી,

હિમાલયન ગ્લેશિયર ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટના અહેવાલ મુજબ ગ્લેશિયર્સ ૨૦૧૧ થી ૨૦૨૦ સુધીના પાછલા દાયકાની સરખામણીમાં ૬૫ ટકા વધુ ઝડપથી પીગળી રહ્યા છે.જેનું કારણ જળવાયુ પરિવર્તનને કહી શકાય.વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સદીના અંત સુધીમાં ગ્લેશિયર્સ ૮૦% સુધી પીગળી જશે. જો ગ્લેશિયર્સને બચાવા માટે ગ્લોબલ વોર્મિંગ પર નિયંત્રણ કસવામાં નહી આવે તો ઘણા ગ્લેશિયર્સ ગાયબ થઈ જશે. હિમાલયન ગ્લેશિયર્સ એ પાણીનો વિશાળ ભંડાર છે જે ભારતના લાખો લોકોના જીવનને ટકાવી રાખે છે.તેમજ ઘણી હિમનદીઓ નીકળે છે.પરંતુ જળવાયુ પરિવર્તનના કારણે મોટાભાગની હિમનદીઓ પીગળી રહી છે. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટના અહેવાલ મુજબ ગ્લેશિયર્સ ૨૦૧૧ થી ૨૦૨૦ સુધીમાં પાછલા દાયકાની સરખામણીમાં ૬૫ ટકા વધુ ઝડપથી પીગળી રહ્યા છે.મુખ્ય લેખક ફિલિપ વેસ્ટરે જણાવ્યું હતું કે જે ઝડપે બરફ પીગળી રહ્યો છે તે ચિંતાજનક બાબત છે. અનુમાન ન હતું કે ગ્લેશિયર્સ આટલા ઝડપથી પીગળશે.હિંદુકુશ હિમાલય ક્ષેત્રની વર્તમાન સ્થિતિના આધારે એવો અંદાજો લગાવામાં આવ્યો છે કે સદીના અંત સુધીમાં ગ્લેશિયર્સ તેમનો ૮૦ ટકા વિસ્તાર ગુમાવી શકે છે. આ ઉપરાંત વિજ્ઞાનીઓએ પણ ચેતવણી આપી હતી કે હિમાલયના ગ્લેશિયર્સ જે લગભગ બે અબજ લોકો માટે પાણી પ્રદાન કરે છે. તે જળવાયુ પરિવર્તનને કારણે પહેલા કરતા વધુ ઝડપથી પીગળી રહ્યા છે. હિમાલયના ગ્લેશિયર્સ પીગળવાને કારણે સમુદાયો અણધારી અને ખર્ચાળ આફતોનો સામનો કરી રહ્યા છે.હિમાલયના ગ્લેશિયર્સ ગંગા, સિંધુ, પીળી નદી, મેકોંગ અને ઈરાવદી સહિત વિશ્વની ૧૦ મહત્વપૂર્ણ નદીઓને પાણી પૂરું પાડે છે. તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અબજો લોકો માટે ખોરાક, ઊર્જા, સ્વચ્છ હવા અને આવકનો સ્ત્રોત પણ છે. ફિલિપ્સ વેસ્ટરે જણાવ્યું હતું કે ગ્લેશિયર્સને પીગળતા બચાવવા માટે તાત્કાલિક પગલાની જરૂર છે. જો ગ્લોબલ વોર્મિંગને નિયંત્રણમાં લેવા માટે ઝડપી પ્રયાસો કરવામાં નહીં આવે તો ઘણી હિમનદીઓ અદૃશ્ય થઈ શકે છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

પટેલ ગીતાબેન મનસુખભાઈ

તરફથી અભીનંદન....

મુ. રેઠાણા-પટેલ ફળીયું, તા. દે.બારીયા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

પટેલ રમેશભાઈ નવલાભાઈ

તરફથી અભીનંદન....

મુ. મોટીખજુરી-પટેલ ફળીયું, તા. દે.બારીયા, જી. દાહોદ

ગુજરાત રાજ્ય

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં.૧૦ સને ૨૦૨૩-૨૪

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં. ૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર કુલ-૧ થી ૭ કામો બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૧.૧૦ લાખ થી ૧૯.૨૮ લાખ સુધીની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ https://nwr.nprocure.com or www.statetender.com પર તા.૨૧/૦૬/૨૦૨૩ થી ૩૦/૦૬/૨૦૨૩ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ થશે.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ ઉપરોકત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવો.

માહિતી/ગોધરા/૨૬૧/૨૦૨૩

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દાહોદ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૯ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જીલ્લા કક્ષાની ઉજવણી

દાહોદ,

દાહોદ જીલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જીલ્લા કક્ષાની ઉજવણીની કરવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં નાગરિકો જોડાયા હતા અને યોગ કર્યા હતા.

આ અવસરે રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ એ જણાવ્યું કે, યોગ એ ભારતની પુરાતન સંસ્કૃતિ એ વિશ્વને આપેલી અણમોલ ભેટ છે. યોગ એ ઋષિમુનિઓની પરંપરા છે. જેને આજે સમગ્ર વિશ્વએ સ્વિકારી છે. યોગ એટલે જોડવુ, યોગ શરીર, મન અને આત્માને જોડે છે. અષ્ટાંગ યોગ એ આપણી પ્રાચીન વિરાસત છે.





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તેમણે વધુ ઉમેરતાં કહ્યું હતું કે વડાપ્રધાનએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં યોગ દિવસની ઉજવણી માટે મુકેલા પ્રસ્તાવને સમગ્ર વિશ્વે સ્વિકારી પ્રતિ વર્ષ ૨૧મી જૂનનાં રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવાની સ્વીકૃતિ આપી હતી. ભારતીય સંસ્કૃતિની આ પરંપરાના ફાયદા સ્વીકારીને સમગ્ર વિશ્વ ૨૧ મી જૂનના રોજ યોગમય બને છે. ચાલુ વર્ષે રાજ્યમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ G-20 ની One Earth, One Health ની થીમને ધ્યાનમાં રાખતા આ વર્ષે એક પૃથ્વી એક સ્વાસ્થ્યના નારા સાથે વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ અને હર ઘરના આંગણે યોગ ની થીમ સાથે ઉજવણી કરવામાં આવી છે.

આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, વિશ્વના ખૂણે-ખૂણે આજે યોગ અને યોગાભ્યાસ લોકપ્રિય બની વાયુવેગે પ્રચલિત થઈ રહ્યો છે અને સમગ્ર વિશ્વને આ યોગની ભેટ આપણા ભારત દેશે આપી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિ અને પ્રાચીન પરંપરાનો અમૂલ્ય ભાગ છે. આ અવસરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી યુનાઈટેડ નેશન્સથી વીડિયો સંદેશ દ્વારાથી જોડાયા હતા. તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુરત ખાતેથી જીવંત પ્રસારણ દ્વારા જોડાયા હતા. આ અવસરે જીલ્લા કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી એ સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પોલીસ અધીક્ષક બલરામ મીણા, નિવાસી અધિક કલેક્ટર એ.બી.પાંડોર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.એમ.પટેલ, એ.એસ.પી. જગદીશ બાંગરવા, જીલ્લા શિક્ષણાધિકારી સુરેશ મેડા, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નીલેશ મુનિયા, જીલ્લા રમત ગમત અધિકારી અમરસિંહ રાઠવા, રમત વિકાસ અધિકારી ઉષાબેન, સહિત પદાધિકારીઓ-અધિકારીઓ, યોગ સાધકો તેમજ બહોળી સંખ્યામાં દાહોદની યોગપ્રેમી જનતા ઉપસ્થિત રહ્યાં હતાં.



આજના યુગમાં વધતા માનસિક તણાવ ગ્રસ્ત જીવન તેમજ સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવવા માટે યોગ જરૂરી છે. તારીખ ૨૧-૦૬-૨૦૨૩ ના રોજ ઈન્ટરનેશનલ યોગ દિવસની ઉજવણી ઝાલોદમાં સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને બી.એમ. હાઈસ્કૂલ ખાતે કરવામાં આવી હતી. આ યોગ દિવસની ઉજવણીમાં સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે હોસ્પિટલના સ્ટાફ અને બી.એમ. હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ આમંત્રિત મહેમાનો, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તેમજ અન્ય આગેવાનો જોડાયા હતા.



દાહોદ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દાહોદ જીલ્લામાં નિર્માણ પામેલ તમામ ૭૮ અમૃત સરોવરોના સ્થળ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા. જેમાં સ્થાનિક કક્ષાએ ગામના સરપંચઓ, તલાટીઓ, ગ્રામજનો, પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ઉત્સાહ પૂર્વક ભાગ લઈ ભારતીય સાંસ્કૃતિક પરંપરા મુજબ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

## દાહોદ જીલ્લામાં હીટ એન્ડ રનની જુદી જુદી જગ્યાએ બનેલી
# બે દુર્ઘટનામાં પાંચ વર્ષીય બાળકી સહીત કુલ બે જણા સ્થળ પર જ કાળનો કોળીયો બન્યા

દાહોદ,

દાહોદ જીલ્લામાં બનેલી હીટ એન્ડ રનની બે દુર્ઘટના પૈક એક દુર્ઘટના ગઈકાલે બપોરના સવા બે વાગ્યાના સુમારે લીમખેડાના પાણીયા ગામે હાઈવે રોડ પર બનવા પામી હતી જેમાં એક ટ્રક ચાલક તેના કબજાની જીજે-૧૪ એક્સ-૪૭૭૨ નંબરની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી આગળ જઈ રહેલી લીમખેડાના માન્લી ગામના ઉચવાસ ફળિયાના પ્રવીણભાઈ નાયકની જીજે-૨૦ એજે-૧૦૭૩ નંબરની મોટર સાયકલને પાછળથી જોશભેર ટક્કર મારી પોતાના કબજાની ટ્રક સ્થળ પર જ મૂકી નાસી ગયો હતો. જ્યારે પ્રવીણભાઈ તથા રમીલાબેન તેમજ અલ્કેશભાઈ રતનસીંગ નાયકની પાંચ વર્ષીય દીકરી મોટર સાયકલ પરથી ફંગોળાઈ રોડ પર પટકાતાં ત્રણેને શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ થતાં ૫ વર્ષીય લક્ષ્મીબેન નાયકનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત પ્રવીણભાઈ તથા રમીલાબેનને સારવાર માટે ૧૦૮ મારફતે લીમખેડા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ સંબંધે લીમખેડાના માન્લી ગામે ઉચવાસ ફળિયામાં રહેતા રતનસીંગ બુધીયાભાઈ નાયકે લીમખેડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ટ્રક ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે જીલ્લામાં હીટ એન્ડ રનની બીજી દુર્ઘટના ધાનપુર તાલુકાના ભોરવા ગામે ગતરાતે પોણા દશ વાગ્યાના સુમારે બનવા પામી હતી જેમાં દેવગઢ બારીઆ નગરના રાણીવાવ ફળીયામાં રહેતા હાર્દીકભાઈ નટવરલાલ ઝાલા તેના કબજાની જીજે-૨૦ એએ-૧૮૬૩ નંબરમની બજાજ ડીસ્કવર મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ ભોરવા ગામે વળાંકમાં આવતા મોટર સાયકલની વધુ પડતી ઝડપ હોવાને કારણે ચાલક હાર્દીકભાઈ ઝાલાએ મોટર સાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા મોટર સાયકલ રોડની સાઈડમાં ઉતરી સુકા ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં મોટર સાયકલ ચાલક હાર્દિકભાઈ નટવરલાલ ઝાલાને શરીરે તથા માથામાં ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંબંધે દેવગઢ બારીઆના રાણી વાવ ફળિયામાં રહેતા મોસમકુમાર બાબુભાઈ ડામોરે નોંધાવેલી ફરિયાદને આધારે દેવગઢ બારીઆ પોલીસે મરણજનાર હાર્દીકભાઈ નટવરલાલ ઝાલા વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાને આરોગ્ય કચેરી ખાતે એન.ટી.ઈ.પી. અંતર્ગત ડોક્ટર આર.ડી પહાડીયા અને DTO MOT DTC ડોક્ટર ચૌહાણ તેમજ DPS દીપક પંચાલની ઉપસ્થિતિમાં ગરબાડા તાલુકાના તમામ MPHWને ટી.બીને ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ ટ્રેનિંગમાં ગરબાડા તાલુકાના તમામ MPHW ઉપસ્થિત રહ્યા હતા અને ટી.બી. અંગે તાલીમ મેળવી હતી.



શ્રી ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા નગરાળા ખાતે તારીખ ૨૧/૬/૨૦૨૩ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં નગરાલા કેમ્પસની બધી જ શાળા, કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો હાજર રહી યોગના વિવિધ આસન કરી યોગ દિવસની ઉજવણી કરી હતી. જેમાં શાળાના વ્યાયામ શિક્ષક એફ.એસ.પારગી દ્વારા વિવિધ યોગના આસનો કરાવી તેના લાભો વિશે વિગતે માહિતી આપી હતી.

# ફતેપુરા તાલુકાના ઘાણીખુટ થી ગરાડુ જતા નવીન માર્ગની મહિનાઓમાંજ દુર્દશાની શરૂઆત

ફતેપુરા,

ફતેપુરા તાલુકા ના ગ્રામ્ય વિસ્તારો તરફ જતા ડામર રસ્તાઓ કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવે છે. પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા વહીવટી તંત્રના મેળાપીપણાથી સરકારી નાણાંનો દૂર ઉપયોગ કરવામાં આવતો હોવાનું નવીન બનાવેલા રસ્તાઓની કામગીરી ઉપરથી જણાઈ આવે છે અને મહિનાઓમાં આ રસ્તાઓ તૂટી જતા હોવા છતાં કોન્ટ્રાક્ટરોને ઉની આંચ પણ આવતી નથી. ત્યારે રસ્તાઓની તકલાદી કામગીરી માટે પ્રજા રજૂઆત કરવા જાય તો કોની પાસે જાય? તે એક પ્રશ્ન છે. તેવી જ રીતે ઘાણીખુટથી ગરાડુ જતા દ્વિમાર્ગીય રસ્તાની દશ માસ અગાઉ કરવામાં આવેલ નવીન કામગીરી વહીવટી તંત્ર સહીત કોન્ટ્રાકટર દ્વારા આચરવામાં આવેલ ગેરરીતિના ભ્રષ્ટાચારી પોપડા ઉખડી રહ્યા છે. તેમાં કાળીયા ગામે બનાવવામાં આવેલ નાળું તથા રસ્તાની સાઈડો બેસી રહી છે. જે આવનાર ચોમાસામાં વાહન ચાલકો માટે ભયજનક સાબિત થાય તેવા સ્પષ્ટ સંકેત જણાઈ રહ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના ઘાણીખૂટથી ગરાડું જતા આઠ કી.મી. માર્ગની નવીનીકરણ કામગીરી ગત દસેક માસ અગાઉ શરૂ કરવામાં આવી હતી. તેમાં ઘણીખુટથી મોટા-નાના બોરીદા, કાળીયા થઈ ઘાટાવાડા સુધીના સાડા ચાર કિલોમીટર રસ્તાની નવીનીકરણ ડામર કામગીરી દસ માસ અગાઉ કરવામાં આવેલ હતી. જ્યારે હાલ ત્રણેક માસ અગાઉ સાડા ત્રણ કિલોમીટર ઘાટાવાડા થી ગરાડુ સુધીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આમ, કુલ આઠ કિલોમીટરના રસ્તાની કામગીરી દોઢ વર્ષે પૂરી કરવામાં આવી છે. જ્યારે ગત વર્ષે ડામર કરવામાં આવેલ દ્વિમાર્ગીય રસ્તો તથા નાળાની કરવામાં આવેલ કામગીરીમાં કાળીયા ગામે ગોંદરા ફળિયામાં એક નાળુ બેસી રહ્યું છે. જ્યારે ઘાટાવાડાની સરહદ ઉપર રસ્તાની સાઈડ દબાઈ રહી છે અને હાલ સુધી તો વરસાદ થયો નથી. ત્યારે આ રસ્તાની કરવામાં આવેલ ડામર કામગીરીની પરિસ્થિતિ આવી હોય તો ચોમાસામાં વાહન ચાલકો માટે આ રસ્તાની સ્થિતિ શું થશે તે સમજી શકાય તેવી બાબત છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

નોંધનીય બાબત છે કે, ઘાણીખુટ થી ગરાડુ જતો માર્ગ રાજસ્થાનના કુશલગઢ, બાસવાડાને જોડતો શોર્ટકટ રસ્તો છે. તેમજ હાલમાં આ રસ્તા ઉપર નાના-મોટા અને ભારદારી વાહનો દોડી રહ્યા છે. હાલ સુધી આ વિસ્તારમાં વરસાદ થયો નથી છતાં પણ આ રસ્તો બેસી રહ્યો હોય તો આવનાર ચોમાસાના સમયમાં આ રસ્તા ઉપર થી નીકળતા વાહનો માટે ભયજનક રસ્તો સાબિત થાય તેવા અણસાર જણાઈ રહ્યા છે.




સંજેલી તાલુકામાં ઠાકોર ફળિયામાં આવેલ યુગ શકિત ગાયત્રી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રધ્ધા વિદ્યાલય સંજેલી ધોરણ ૧ થી ૮ ધોરણ સુધી કાર્યરત છે. જેમાં તારીખ ૨૧ જૂન ૨૦૨૩ બુધવારના રોજ શાળાના પટાંગણમાં વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળાના આ. શિક્ષક અશ્વિનભાઈ સી. સંગાડા દ્વારા યોગ કરાવવામાં આવ્યા હતાં અને યોગ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા અને યોગ ભગાવે રોગ એટલે કે યોગના ફાયદા વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.



ગુર્જર ભારતી શૈક્ષણિક સંકુલ નગરાળા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. તારીખ ૨૧ જૂનના રોજ યોગ દિવસ નિમિત્તે ગુર્જર ભારતી શૈક્ષણિક સંકુલ ના તમામ કોલેજના વિદ્યાર્થીઓએ તથા કર્મચારી ભાઈ-બહેનોએ યોગ દિવસના નિમિત્તે આજની સુપ્રભાતે સૂર્યનમસ્કાર તથા યોગના જુદા જુદા આસનો કરી પોતાનું શરીર સ્વાસ્થ્ય કાયમ માટે ઉર્જાવાન રહે તેવા શુભઆશયથી દરરોજ યોગ કરવાનો સંકલ્પ લઈ યોગ દિવસની ઉજવણી કરી હતી.

# સી.આર.પાટીલ દાહોદની મુલાકાતે પધારશે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા. ૨૪ જૂન નારોજ પ્રદેશ ભાજપના યશસ્વી પ્રમુખ સી.આર.પાટીલ દાહોદ વિશાલ જાહેર સભાને સંબોધન કરવા માટે પધારી રહ્યા છે. જેમાં હજારોની સંખ્યામાં પેજ પ્રમુખ, પેજ સદસ્ય પ્રમુખથી લઈ પાર્ટીના નાના મોટા તમામ પદાધિકારીઓ, ચૂંટાયેલા સદસ્યો થી લઈને પાર્ટીના તમામ પદાધિકારીઓને સંબોધન કરશે. તારીખ ૨૪ જૂન નારોજ ભારતીય જનતા પાર્ટીના યશસ્વી પ્રદેશ પ્રમુખ પેજ સમિતિના પ્રણેતા એવા સી.આર. પાટીલ દાહોદ ખાતે જાહેર સભા સંબોધવા માટે પધારી રહ્યા છે. વડાપ્રધાનની સરકારને નવ વર્ષ કેન્દ્રમાં થયા છે અને સરકારે સુશાસન સારી રીતે ચલાવ્યું એ બાબતોને લઈને જન જન સુધી સુશાસનની વાત પહોંચે, કરેલા કામોની વાત જન સુધી લઈ જવા માટે કાર્યકર્તાઓ માધ્યમ બને તે માટે પ્રદેશ અધ્યક્ષ દાહોદ ખાતે ૯:૩૦ વાગે પધારી રહ્યા છે. જેના અનુસંધાનમાં ભારતીય જનતા પાર્ટી એ દાહોદ જીલ્લાએ સંગઠનની બેઠક બોલાવી અને આ જનસભામાં હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ પદાધિકારીઓ સાથે સાથે જનતા પણ જોડાય તે માટે સુવ્યવસ્થા જળવાય તેવી આયોજન થાય. જેમાં ઝીણી ઝીણી બાબતોને લઈ સંખ્યાથી લઈ વ્યવસ્થાથી લઈ તમામ બાબતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાસ્થાની મુલાકાતે જીલ્લા ભાજપના પ્રમુખ શંકરભાઈ અમલીયાર, જીલ્લા મહામંત્રી નરેન્દ્ર સોની, સ્નેહલ ધરિયા મુલાકાત લઈ અને જરૂરી સૂચનો કર્યા હતા.

# દાહોદ ભારતીય જનતા પાર્ટી દ્વારા વિશેષ જનસંપર્ક અભિયાન અંતર્ગત સંયુક્ત મોરચા અને લાભાર્થી સંમેલન

દાહોદ,

૩૦ મે,૨૦૨૩ના રોજ દેશના યશસ્વી વડાપ્રધાને માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં ભાજપ સરકાર અને ૯ વર્ષ પુર્ણ કરી હતા. આ પ્રસંગે ૩૦ મે થી ૩૦ જુન ૨૦૨૩ સુધી ભાજપ સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમ તમામ જીલ્લા, મંડળ, શક્તિકેન્દ્ર અને બુથ ઉપર આયોજીત કરવામાં આવશે તથા વિશેષ જનસંપર્ક અભિયાન લોકસભા ક્ષેત્રોમાં યોજવામાં આવી રહ્યા છે. જેના ભાગ રૂપે આજે ગરબાડામાં વિધાનસભા નું સંયુક્ત મોરચા તથા લાભાર્થી સંમેલન ગરબાડા માધ્યમિક શાળામાં યોજાયું હતું.

માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર ગરીબ, શોષિત અને વંચિતોના કલ્યાણ માટે સમર્પિત છે. જ્યારે દેશનું ગૌરવ વિશ્વ કક્ષાએ સતત વધી રહ્યું છે. તે સમયે ભારતના સાંસ્કૃતિક વારસાને પ્રાથમિકતાના આધારે પ્રસ્થાપિત થતો આપણે સૌ જોઈ રહ્યા છીએ, આધારભુત માળખાને મજબુત કરીને નવા ભારતના સ્વપનને સાકાર કરી રહ્યા છે.

ગરબાડા તાલુકાના આ સંમેલનમાં સરકારની યોજનાઓ જેવી કે ૧૮૩૨૭ metric ton અનાજ કોરોના કાળ થી અત્યાર સુધી આપ્યું છે.

૨૩૬૮૩ ખેડૂતોને તેમના ખાતામાં રૂપિયા આપ્યા. કોરોના ના ત્રણે ડોઝ ના કુલ ૭ કરોડ ની વેક્સિન મફત આપી ૧૧૪૪૧ પ્રધાનમંત્રી આવાસ બનાવાયા સખી મંડળમાં અત્યાર સુધી રૂપિયા ૧૦૦ કરોડ નલ સે જલ ૨૨ કરોડ સર્વશિક્ષા અભીયાન અંતર્ગત કરોડો રૂપિયા, ITI બનાવી, બસ સ્ટેશન માટે તૈયારીઓ ચાલી રહી છે . આ ઉપરાંત અનેક ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો થયા છે અને તદુપરાંત પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ, માં કાર્ડ, વૃદ્ધ પેન્શન, વિધવા સહાય, ફ્રી રાશન, ગરીબ કલ્યાણ યોજનાઓ, વેક્સીન વગેરે યોજનાઓ ના લાભાર્થીઓ ને ભેગા કરી અને તેઓનું સંમેલન કર્યું હતું જેમાં ગરબાડા તાલુકાના તમામ મોરચાના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદના ટાઢાગોળા ગામે છોકરી ભગાડી જવાના મામલે છોકરી પક્ષે યુવકના ઘરમાં આગ ચાંપી ૬ પશુઓ બળીને ભડથું

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ટાઢાગોળા ગામે છોકરી ભગાવવાના મામલે થયેલ ધિંગાણામાં છોકરીના પરિવારજનો દ્વારા છોકરાના ઘરને આંગ ચંપી કરી દેતાં આગમાં સંપુર્ણ મકાન બળીને ખાખ થઈ ગયું હતું. જ્યારે આ આગમાં બે બળદ, ત્રણ ગાય સહિત એક વાછરડું આગમાં ભડથુ થઈ ગયાંનું જાણવા મળે છે.

ગતરોજ ઝાલોદ તાલુકાના ટાઢાગોળા ગામે એક પરિવારની છોકરીને એક યુવક દ્વારા ભગાડી લઈ ગયો હતો. આ બાદ યુવતીના પરિવારજનોનું ટોળુ ટાઢાગોળા ગામે છોકરાના ઘરે ધસી આવ્યું હતું. બંન્ને પરિવારોમાં બોલાચાલી બાદ યુવતીના પરિવારજનો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને યુવકના ઘરને આંગ ચંપી કરી દેતાં આગમાં યુવકનું ઘર સંપુર્ણ બળીને ખાખ થઈ ગયું હતું. આગમાં ઘર વખરીના સરસામાનની સાથે બે બળદ, ત્રણ ગાય સહિત એક વાછરડું આગમાં બળીને મોતને ભેટચાં હતાં. ઘટનાની જાણ ચાકલીયા પોલીસ સહિત ડીવાયએસપી સહિતના પોલીસ કર્મચારીઓને થતાં પોલીસ કાફલો ટાઢાગોળા ગામે દોડી ગયો હતો. ઘટનાની જાણ સ્થાનીક ફાયર ફાઈટરના લાશ્કરોને કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે દોડી ગયાં હતાં. આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર ભારે જહેમત બાદ કાબુ મેળવ્યો હતો. સમગ્ર મામલે પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.



દાહોદ જીલ્લામાં સિકલસેલ દિવસ નિમિત્તે આરોગ્ય વિભાગ દ્વારા જીલ્લા નવે તાલુકાના પીએચસી ખાતે સિકલસેલના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ અને ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડો.ઉદયકુમાર ટિલાવત, જીલ્લા સિકલસેલ નોડલ ઓફિસર ડો. નયન જોશીના માર્ગદર્શન હેઠળ જીલ્લાના તમામ તબીબી અધિકારીઓ દ્વારા સિકલસેલ કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી કરી હતી.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.257

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## “એક પૃથ્વી એક સ્વાસ્થ્ય”ના નારા સાથે “વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ” પંચમહાલ જીલ્લો બન્યો યોગમય

# ગોધરા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જીલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરાઈ





ગોધરા, ૨૧ જૂન ૨૦૨૩ના ૯મા વિશ્વ યોગ દિવસની સમગ્ર રાજ્યમાં જન ભાગીદારી સાથે “એક પૃથ્વી એક સ્વાસ્થ્ય” ના નારા સાથે “વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ” અને “હર ઘરના આંગણે યોગ'''ની થીમ સાથે ઉજવણી કરાઈ છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં વિશ્વ યોગ દિવસની જીલ્લા કક્ષાની ઉજવણી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ગોધરા ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે પંચમહાલ જીલ્લા સાંસદ રતનસિંહ રાઠોડ અને જીલ્લા કલેકટર આશિષ કુમારે પ્રાસંગિક ઉદ્દબોધન કરીને યોગનું મહત્વ તથા યોગ પ્રણાલી અપનાવવાથી જીવનમાં થતા ફાયદા વિશે વાત કરી હતી. આ સાથે સૌ કોઈએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈના યોગ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ તકે સ્ટેટ કો-ઓર્ડીનેટર પિન્કીબેન મેકવાન અને યોગ કોચ દ્વારા સ્ટેજ પરથી યોગ શરૂ કર્યા હતા. જે અનુસાર તમામ લોકોએ યોગ કર્યા હતા. છેલ્લે રાષ્ટ્રગીત રજૂ કરાયું હતું.આ સાથે જીલ્લા આરોગ્ય અધિકારી મહેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળઆરોગ્ય વિભાગનો સ્ટોલ અને બ્લડ કેમ્પનું આયોજન કરાયું હતું.

આ તકે ધારાસભ્ય સી.કે.રાઉલજી, ફતેહસિંહ ચૌહાણ, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રતાપસિંહ ચૌહાણ, જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા, રેન્જ આઈજી, જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, જીલ્લા રમત વિકાસ અધિકારી પ્રતાપ પસાયા, જીલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ સહિત જીલ્લાના સંકલન અધિકારીઓ, યોગ કોચ અને ટ્રેનર, પોલીસ જવાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આઈકોનિક સ્થળ પાવાગઢ ખાતે નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હર્ષભેર ઉજવણી કરાઈ





ગોધરા, ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત આઈકોનિક સ્થળ તરીકે શક્તિપીઠ પાવાગઢ ખાતે નવમા આંતરરાષ્ટ્રીય યોગદિવસની હર્ષભેર ઉજવણી કરાઈ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યમાં ૭૫ આઈકોનિક સ્થળ પર યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે પંચમહાલ જીલ્લાના લાખો શ્રદ્ધાળુઓના આસ્થાનું કેન્દ્ર પાવાગઢને આઈકોનીક સ્થળ તરીકે જાહેર કરી રાજ્ય સરકાર દ્વારા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરાયું હતું.

જે અંતર્ગત પાવાગઢ સ્થિત મહાકાળી માતાજીના મંદિર પરિસર અને માંચી સ્થિત ચાચર ચોકમાં મોટી સંખ્યામાં લોકો અને શ્રદ્ધાળુઓએ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લઈ ભકિતભાવ સાથે યોગ સાધનામાં સહભાગી થયા હતા. યોગના વિવિધ આસનો સાથે મહાકાળીના આશીર્વાદ સાથે તંદુરસ્તીની કામના કરતાં યોગસાધનાનો લ્હાવો લીધો હતો. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવતા સમગ્ર વિશ્વમાં તા. ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકાર તથા રાજ્ય સરકારની G-20 ની વન અર્થ વન હેલ્થની થીમને ધ્યાનમાં રાખતા આ વર્ષે વસુધૈવ કુટુંમ્બકમ માટે યોગ હરઘરના આંગણે યોગની થીમ સાથે ૨૧જૂન-૨૦૨૩ નારોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત પંચમહાલ જીલ્લાના વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આઈકોનીક પ્લેસ તરીકે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે હાલોલ પ્રાંત અધિકારી મયુર પરમાર, જીલ્લા રમત ગમત અધિકારી મયુરબા ઝાલા, ટ્રસ્ટના વહીવટદારઓ, સામાજીક અગ્રણીઓ, શૈક્ષણિક સંસ્થાઓ સહિત શ્રદ્ધાળુઓ અને યોગસાધકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા(હ)તાલુકામાં બાળકી ઉપર દુષ્કર્મ આચરનાર નરાધમ યુવકને પોલીસે ઝડપ્યો

ગોધરા, મોરવા(હ)તાલુકા પંથકમાં અંદાજિત સાડા નવ વર્ષની ઉંમરની બાળકી સાથે તેના ૧૯ વર્ષિય કુટુંબી ભાઈએ એકલતાનો ગેરલાભ લઈ ઉઠાવી બળજબરીપુર્વક દુષ્કર્મ આચરતા ચકચાર મચી જવા પામી છે. જોકે બનાવ અંગેની જાણ થતાં પોલીસે કિશોરીને સારવાર માટે ખસેડી યુવકને ગણતરીના સમયમાં જ પકડી પાડ્યો હતો.

વર્તમાન સમયમાં એન્ડ્રોઈડ મોબાઈલ ફોન અને સસ્તુ ઈન્ટરનેટ મળી જતા હવે સામાન્ય માણસ પણ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતો જોવા મળી રહ્યો છે. પરંતુ આ ઓછા ખર્ચે મળતા મોબાઈલ ફોન અને ઈન્ટરનેટનો કેટલાક વ્યકિતઓ દુરૂપયોગ પણ કરી રહ્યા છે. જેને લઈને સમાજમાં ચોંકાવનારી અને અકલ્પનિય ઘટનાઓ સામે આવી રહી છે. આવી જ એક ઘટના મોરવા(હ)તાલુકાના પંથકમાં સામે આવી છે. એક ૧૯ વર્ષિય અપરિણીત યુવક દ્વારા અંદાજિત સાડા નવ વર્ષની વય ધરાવતી બાળકી સાથે બળજબરીપુર્વક દુષ્કર્મ આચર્યુ હતુ. આ ચકચારી બનાવની વિગત એવી છે કે,પોતાના કુટુંબી કાકાની દિકરી તેના ઘરે બપોરના સમયે મકાનની પાછળ આવેલા ઓસરીના ભાગમાં રમવા માટે ગઈ હતી. દરમિયાન તેના દાદા-દાદી ઘરે આગળના ભાગે બેઠા હતા. જયારે માતા-પિતા ખેતરમાં કામકાજ માટે ગયા હતા. આ સમયગાળાનો ગેરલાભ ઉઠાવી યુવક પોતાની કહેવાતી કુટુંબી માસુમ બહેન તરફ ગયો હતો અને કિશોરી કંઈ સમજે તે પહેલા તેણે સાથે બળજબરીપુર્વક દુષ્કર્મ આચર્યુ હતુ. આ ઘટનાથી ગભરાઈ ગયેલી કિશોરીએ બુમરાણ મચાવી હતી. જેને લઈ તેના દાદા-દાદી દોડી આવ્યા હતા. પરંતુ નરાધામ યુવક ત્યાંથી ભાગી ગયો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી આરોપીને પકડી પાડ્યો હતો.

## ગોધરાના બગીડોળ ગામે રોડમાં ગયેલ જમીનના ઝાડોના નાણાં આપતા નથી તેમ મારમારતાં ફરિયાદ નોંધાઈ

ગોધરા, ગોધરા તાલુકાના બગીડોળ ગામે સર્વે નં.૨૨૬ વાળી જમીનમાં આવેલ ફરિયાદીના ઘર પાછળની જમીનમાં આવેલ ઝાડોના નાણાં રોડ ખાતાના અધિકારીઓ આવેલ હોય આરોપીઓ અમોને ભાગે પડતા નાણાં આપતા નથી. તેમ કહી મારમારી ઈજાઓ જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના બગીડોળ ગામે દાડમ ફળીયામાં રહેણાંક ઘરવાળા સર્વે નં.૨૨૬ વાળી જમીનમાં આવેલ છે. અરવિંદભાઈ રમણભાઈ ચૌહાણના ઘરની પાછળની જમીન રોડ ખાતામાં ગયેલ હતી. જે જમીનમાં ઝાડો હતા તે ઝાડોના નાણાં રોડ ખાતાના અધિકારીઓ રમણભાઈને આપેલ હતા. ત્યારે આરોપીઓ નરવતભાઈ ઉદાભાઈ ચૌહાણ, રાજેશભાઈ નરવતભાઈ ચૌહાણ, લીલાબેન ચૌહાણ, ગીતાબેન રાજેશભાઈ ચૌહાણ એ રોડ ખાતાના અધિકારીઓએ આવેલ ઝાડોના નાણાં તેના ભાગે પડતા કેમ નથી આપતાં તેમ કહીને રમણભાઈને લાકડી વડે પગના ભાગે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા લીલેસરાની ખેતીની જમીન ૧૯૯૮ અને ૨૦૦૨ માં મૃતક મહિલાઓએ ૨૦૨૨ માં જીવિત દર્શાવી વેચાણ દસ્તાવેજ કરાયો

ગોધરા, ગોધરા તાલુકાના લીલેસરા ગામની ખેતીની જમીનમાં કબ્જેદાર મરણ ગયેલ મહિલાઓને જીવિત દર્શાવીને વેચાણ દસ્તાવેજ થયાની વિગતો સામે આવી છે. મૃતક મહિલાઓને જીવિત બતાવી દસ્તાવેજ થયા હોય તેની તપાસ જરૂરી છે.

ગોધરા તાલુકાના લીલેસરા ગામે આવેલ ખેતીની જમીનની બે મહિલા કબ્જેદાર હોય આ બન્ને મહિલાઓમાં એકનું ૧૯૯૮ અને બીજી મહિલાનું ૨૦૦૨ માં મરણ ગયેલ હોય તેમ છતાં આ બન્ને મહિલાઓને ૨૦૨૨ના વર્ષમાં જીવિત દર્શાવાઈ છે અને આ બન્ને લીલેસરાની જમીનની કબ્જેદાર મૃતક મહિલાઓ જીવિત દર્શાવી ભળતી વ્યકિતને રાખીને દસ્તાવેજ થયા હોય ત્યારે આ બાબતે ગોધરા તાલુકા મામલતદાર તપાસ કરશે ખરાં ?

## મોરવા(હ) સરકારી વિનયન કોલેજ ખાતે યોગ દિવસની ઉજવણી કરાઈ



શહેરા, મોરવા હડફ તાલુકામા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જ્યારે સરકારી વિનયન કોલેજ સહિત શાળા-કોલેજો સહિત ૫૦થી વધુ સ્થળ પર યોગ કાર્યક્રમમા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

મોરવા હડફ તાલુકામાં ૫૦ કરતા વધુ સ્થળ પર યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જ્યારે સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય તથા વહીવટીતંત્ર પંચમહાલ જીલ્લા તરફથી મળેલ સૂચના અનુસાર તાલુકા કક્ષાનો યોગ દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમની સફળતા માટે શ્રેણીબદ્ધ મીટીંગો યોજીને આયોજન માટે અધ્યાપકઓ અને તમામ મોરવા હડફ તાલુકાની તમામ કચેરીઓને જોડી અને એક યોગ દિવસની ઉજવણીનું ઉત્તમ ઉદાહરણ સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજે અને પુરૂ પાડ્યું છે. આ વખતે આ યોગ એટલે ભારતીય પરંપરાની વિશ્વ દ્વારા મળેલ સ્વીકૃતિ અને એ માટે આપણે સૌ ભારતીય તરીકે એનું ગૌરવ હોવું જરૂરી છે એમ જણાવી આ યોગ દિવસનો મૂળ ઉદ્દેશ્ય વસુધૈવ કુટુંબકમની ભાવનાથી શરૂ કરી અને “એક પૃથ્વી એક સ્વાસ્થ્ય” એ મુખ્ય સૂત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવ્યું હતું. તેના પ્રચાર અને પ્રસાર માટે ભારતભરમાં સૌ કોઈએ સહયોગ પૂરો પાડ્યો હતો. મોરવા હડફ તાલુકાના આ કાર્યક્રમમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયતની કચેરી, પોલીસ વિભાગ, આઈટીઆઈ, મૉડેલ શાળા વગેરેએ સક્રિય સહકાર આપી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સુરત ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિશેનું તેમનું વકતવ્ય લાઈવ સંભળાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વક્તવ્ય પણ લાઈવ તમામ વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું અને સરકાર દ્વારા નક્કી કરાયેલ યોગા માટે યોગાચાર્યોના તાલીમ અને માર્ગદર્શન હેઠળ આ યોગનો કાર્યક્રમ સંપૂર્ણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને અંતે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોરવા હડફ તાલુકાના ધારાસભ્ય નિમિષાબેન સુથાર દ્વારા આ ભારતીય પરંપરામાં યોગનું મહત્વ અને આપણે રોજિંદા જીવનમાં યોગને શા માટે ઉતારવો જોઈએ તે વિશે વિદ્યાર્થીઓને સૂચન કર્યું હતું તેમજ આ પરંપરા જાળવી રાખવા માટે આહવાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. કમલ છાયા મામલતદાર, ગોપાલભાઈ હરદાસાણી તથા વહીવટી ઓફિસોના તમામ વડાઓએ ઉપસ્થિત રહી અને કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત કરેલ હતી. સમગ્ર અધ્યાપકગણ અને એનએસએસ યુનિટએ મહેનત કરીને યોગ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શહેરા તાલુકાની ૧૦૦ કરતાં વધારે શાળા-કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ



શહેરા, શહેરા તાલુકામાં શાળા-કોલેજ સહીત ૧૦૦કરતા વધુ સ્થળો પર અને એસ.જે.દવે હાઈસ્કુલ ખાતે તાલુકા કક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ સહિત શાળા શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં શાળા, કોલેજો તેમજ સરકારી કચેરી અને ખાનગી સંસ્થાઓમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે પંચમહાલ જીલ્લાના શહેરા નગરમાં આવેલ એસ.જે.દવે હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના ઉદ્દબોધનથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિશ્વ યોગ દિવસ વિશે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલનું લાઈવ વક્તવ્ય સાંભળવામાં આવ્યું હતું. સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પણ લાઈવ વક્તવ્ય ઉપસ્થિત સૌએ સાંભળ્યું હતું અને યોગ શિક્ષક દ્વારા ઉપસ્થિત સૌને યોગના વિવિધ આસનો કરાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીતનું ગાન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરા પ્રાંત અધિકારી એન.કે.પ્રજાપતિ, તાલુકા વિકાસ અધિકારી આર.એમ.માટીએડા, મામલતદાર એન.બી.મોદી, તાલુકા આરોગ્ય અધિકારી ડો.ભરત ગઢવી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.એસ.હઠીલા સહિતના અધિકારીઓ તેમજ વિવિધ કચેરીના કર્મચારીઓ, ધાર્મિક સંસ્થાના આગેવાનો, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલ તાલુકામાં તુટેલા વીજપોલનું સમારકામ ન કરાતા ખેડુતો પરેશાન

હાલોલ, હાલોલ તાલુકામાં ૨૦ દિવસ પહેલા આવેલા વાવાઝોડાના કારણે અનેક વીજપોલ તુટી ગયા હતા. વીજ કંપની દ્વારા આ લાઈનોનુ રિપેરીંગ અને મરામત કામ કરવામાં નહિ આવતા ખેડુતો ૨૦ દિવસથી વીજળીના અભાવે સિંચાઈમાટે પાણી નથી મેળવી શકતા જેથી ખેતીને ભારે નુકસાન થઈ રહ્યુ છે. સંવેદનશીલ સરકારના ડીજીટલ ઈન્ડિયા સુત્ર હેઠળ ૨૪ કલાક વીજળીની સુવિધાઓના દાવા સામે હાલોલ મધ્ય ગુજરાત વીજ કંપનીના અણઘડ વહીવટે છેદ ઉડાળી મુકયો છે. ખેડુતોએ ચોમાસુ પાક લેવાની તમામ તૈયારીઓ કરી દીધી છે તો કેટલાક ખેડુતો વાવણી કરી રહ્યા છે. ત્યારે વીજળીના અભાવે ખેતરોમાં પાણી મુકી શકાતુ ન હોવાથી ગુલાબના ફુલો અને કપાસની ખેતીની સાથે સાથે ચોમાસા માટે વાવણી કરેલા કપાસને પણ ભારે નુકસાન થવાની ભિતી ખેડુતોને સતાવી રહી છે. આ વિસ્તારના ગામડાઓમાં બે ફીડર ઉપરથી ખેતીના વીજ કનેકશન આપવામાં આવ્યા છે. જે પૈકી જાંબુઘોડા ફીડરની લાઈન છેલ્લા ૨૦ દિવસથી બંધ હોવાથી આ ફીડરના કનેકશન ધારક ખેડુતોની સ્થિતિ કફોડી બની છે.

## હાલોલના વરસડા-મસવાડા રોડ છબાપુરા ત્રણ રસ્તા પાસેથી સ્વીફ્ટ કાર માંથી ૫૭ હજારના દારૂ સાથે ઈસમને ઝડપ્યો

હાલોલ, હાલોલ રૂરલ પોલીસને મળેલ બાતમીના આધારે સ્વીફટ કારમાં લવાતા ઈંગ્લીશ દારૂને છબાપુરા ત્રણ રસ્તા પાસે વૉચ ગોઠવી સ્વીફ્ટ કાર માંથી ૫૭,૬૦૦/-રૂપીયાનો દારૂનો જથ્થો કાર મળી ૧,૫૭,૬૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ રૂરલ પોલીસને બાતમી મળી હતી કે, સ્વીફટ કાર નં.જીજે.૭.બીબી.૫૦૦૫ માં સંજય અરવિંદભાઈ રાઠોડ (રહે. ગોવિંદપુર, હાલોલ) ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને વરસાડા થી મસવાડા તરફ આવનાર છે. તેવી માહિતીના આધારે પોલીસે છબાપુર ચોકડી પાસે વોચ ગોઠવી હતી અને ગાડી માંથી ઈંગ્લીશ દારૂના પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૫૭૬ કિંમત ૫૭,૬૦૦/-રૂપીયા, સ્વીફટ કાર મળી કુલ ૧,૫૭,૬૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે સંજય રાઠોડને ઝડપી પાડયો હતો. જ્યારે અનીલ સીંધીને વોન્ટેડ જાહેર કરી આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધી.

## ગોધરા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શારીરિક માનસિક વિકાસ માટે યોગ જાગૃતિ પર કાર્યક્રમ યોજાયો



ગોધરા, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જૂન ૨૦૨૩ ના રોજ ડો. ચમનલાલ મહેતા વિદ્યાલય, ગોધરા ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો, ગોધરા દ્વારા યોગા અભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમને ડો. ચમનલાલ મહેતા વિદ્યાલય, ગોધરાના પ્રમુખ ભુપેશભાઈ શાહના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ડોક્ટર ચમનલાલ મહેતા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સામૂહિક યોગા અભ્યાસ કાર્યક્રમમાં જોડાઈ વિવિધ આસનો કર્યા હતા. યોગા અભ્યાસ કાર્યક્રમમાં વિવિધ આસનોના ફાયદા વિદ્યાર્થીઓને જણાવી શારીરિક તેમજ માનસિક વિકાસ માટે દૈનિક યોગને મહત્વ આપી વિદ્યાર્થીઓને પોતાની તંદુરસ્તી જાળવી રાખવા જણાવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જૂન ૨૦૨૩ ના ભાગરૂપે કેન્દ્રીય સંચાર બ્યુરો, ગોધરા દ્વારા વિદ્યાલયના વિદ્યાર્થીઓ વચ્ચે યોગાસન તેમજ વકૃત્વ સ્પર્ધા રાખી વિજય સ્પર્ધકોને વિભાગ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં યોગ જાગૃતા વિષય પર વિભાગના રજીસ્ટર કલાકાર દ્વારા યોગ જાગૃતા નાટકનું પ્રસ્તુતિકરણ કરી વિદ્યાર્થીઓમાં યોગને જીવનમાં વણી લેવા અનુરોધ કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ચમનલાલ મહેતા વિદ્યાલયના મદદનીશ શિક્ષક નિમિષાબેન સુથારે કર્યું. શાળાના આચાર્ય ત્રિવેદીએ આયોજકનો આભાર વ્યકત કર્યો. કાર્યક્રમના અંતે સામૂહિક રાષ્ટ્રગીતથી કાર્યક્રમને પૂર્ણ કર્યો.

## પાનેલાવ અને આસપાસના ૧૫ ગામોમાં CSR ફાઉન્ડેશન દ્વારા યોગનું આયોજન કરાયું



હાલોલ, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે એલેમ્બિક સી.એસ.આર. ફાઉન્ડેશન દ્વારા પાનેલાવ અને એની આસપાસની ૫ (બાસ્કા, પાનેલાવ, વાસેતિ, ગોપીપુરા, ઉજેતી) ગ્રામ પંચાયતના ૧૫ ગામોમાં પ્રોજેક્ટ સુપોષણ અંતર્ગત સગર્ભા, ધાત્રી માતા તેમજ કિશોરીઓ, નાના બાળકોના આરોગ્ય સ્તરમાં સુધારો થાય તે હેતુથી કામ કરવામાં આવે છે. જે અંતર્ગત આજ રોજ સંકલિત બાળવિકાસ વિભાગ અને આરોગ્ય વિભાગની સાથે રહીને યોગા નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ ખાસ સગર્ભા, ધાત્રી, કિશોરીઓ તેમજ નાના બાળકો માટે યોગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે યોગના મહત્વ, ફાયદાની જાણકારી આપવામાં આવી હતી.